પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail.com

## :: જાહેરનામું ::

### : ફોજદારી કાર્યરીતી અધિનીયમ ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ :

**ક્રમાંક : એસ.બી./પથિક સોફટવેર અંગેનું જાહેરનામું/ ૧૨૦/ ૨૦૨૨.**

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/ અસામાજીક તત્વો શહેરના વિસ્તારોમાં આવેલ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાના ઓમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે છે.

બહારના રાજયો માંથી આવતા આવા તત્વો કોઇ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાના ભાડે રાખીને રહેતા હોય છે તેઓ આવા આશ્રય સ્થાનો ઉપર રહી શહેરની ભીડભાડ વાળી જગ્યાઓ, મોટી હોસ્પીટલો, ઓદ્યોગીક એકમો, સરકારી કચેરીઓ, અતિસંવેદનસીલ જગ્યાઓ સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઇ ને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાનામાં આશરો આપતા માલીકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

## :: હુ ક મ ::

વાસ્તે, હું અજયકુમાર તોમર(આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી) ૧૯૭૩(૧૯૭૪ ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છુ, કે સુરત શહેર પોલીસ કમિશ્નર વિસ્તારના હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાનાનામાં કોઇ પણ વ્યકિતઓને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪-કલાકમાં પોલીસ દ્વારા તૈયાર કરેલ ઓનલાઇન વેબ પોર્ટલ **https://pathik.guru/ માં કરવાની રહેશે**. આપના હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાના ઓની સુરત શહેર ક્રાઇમ બ્રાંચની ઓફીસમાં રજીસ્ટર કરાવી આપના યુઝર આઇડી, પાસર્વડ મેળવી લઇ રોજે રોજ આવતા તમામ રોકાણ કરતા મુસાફરોની જે તે સમયે ઓન લાઇન પોર્ટલમાં એન્ટ્રી કરવી. તે સિવાય કોઇ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાના ના માલીકો ભાડે આપી શકશે નહીં.

(૧) આપના હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાનામાં મુસાફરો આવે ત્યારે તમામ મુસાફરોની ઓન લાઇન પોર્ટલમાં જણાવેલ તમામ માહીતીની સચોટ એન્ટ્રી કરવી કરવાની રહેશે.

(૨) વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનાર વ્યકિતના નામ, સરનામા, ટેલીફોન સહીતના ઓન લાઇનપોર્ટલ મુજબના તમામ નક્કર પુરાવા મેળવવા ના રહેશે.

(૩) હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાના માં સી.સી. ટી.વી. કેમેરાની વ્યવસ્થા રાખવી અને સી.સી. ટી.વી. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ માસ સુધી રાખવાના રહેશે.

(૪) હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાના માં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં તથા ઓન લાઇન પોર્ટલમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

(૫) આવનાર તમામ મુસાફરોના મોબાઇલ નંબર રજીસ્ટરમાં તથા પોર્ટલમાં નોધવાનો રહેશે. અને મુસાફરનો મોબાઇલ નંબર સાચો છે કે કેમ ? તે બાબતે હોટલના નંબર થી કોલ કરી નંબર સાચો હોવાની ખરાઇ કરવાની રહેશે.

(૬) હોટલ તરફ થી આપવામાં આવતા વાઇફાઇ નો દુર ઉપયોગ ન થાય તેવુ સુનિશ્ચીત કરવાનુ રહેશે. મુસાફર દ્વારા કયા સમયે અને કેટલા સમય માટે કઇ કઇ વેબ સાઇડનો ઉપયોગ કરેલ છે ? કોઇ શંકાસ્પદ માહીતી ડાઉન લોડ કરેલ છે? તે બાબતે જાગ્રુત રહેવુ અને માહીતી કયા ઇલેકટ્રીક ઉપકરણ દ્વારા ઉપયોગમાં લીધેલ છે. તેની માહીતી પોતાની પાસે રાખવી અને શંકાસ્પદ જણાયે પોલીસને જાણ કરવી તેમજ આવી કોઇ માહીતી પોલીસ ધ્વારા તપાસના કામે માંગવામાં આવે ત્યારે આપવાની રહેશે.

(૭) હોટલમાં મુસાફરો રોકાયેલ હોય અને કોઇ બહારની વ્યકિતની વ્યકિત હોટલમાં રોકાયેલ મુસાફરોની મુલાકાતે આવે ત્યારે હોટલમાં મુસાફર મુલાકાતી રજીસ્ટરમાં મુલાકાતીની તમામ નોધ તારીખ ટાઇમ સાથે તથા આઇડી પ્રુફ સાથે કરવાની રહેશે.

(૮) કોઇપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

**:: અમલવારીનો સમય ::**

આ હુકમ **તા.૨૮/૦૭/૨૦૨૨ ના કલાક:૦૦/૦૦ થી તા.૨૫/૦૯/૨૦૨૨ ના કલાક:૨૪/૦૦** સુધી સુરત શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમા રેહેશે.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેક્ટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**:: જાહેર વિજ્ઞપ્તિ ::**

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોઇ આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર,મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ- ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ: ૨૬/૦૭/૨૦૨૨ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર એસ.બી. સુરત શહેર

(અજયકુમાર તોમર)
પોલીસ કમિશ્નર
સુરત શહેર.

**પ્રતિ,**

(૧) સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૧,૨ સુરત શહેર.

(૨) અધિક પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફિક એન્ડ ક્રાઇમ સુરત શહેર.

(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.

(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ સુરત શહેર.

(૫) તમામ પો.સ્ટે.ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૬) તમામ શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.

(૭) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર(તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી)

**સવિનય નકલ રવાના** :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.

(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.

(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર અને વડોદરા શહેર.

(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.

(૬) કલેકટરશ્રી, સુરત શહેર.

(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર

(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત

(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.

(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.

(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.

(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).

(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.

(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.

(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .

(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.

(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )

(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત )

(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત ( સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)